કાવેરી સુગર શરૂ કરાવવામાં ધરાર નિષ્ફળ ભાજપ સરકાર સામે પણ ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો

# કાવેરી સુગર શરૂ કરવા લડતની તૈયારી

**૨૦૨૨ માં ટેન્ડર પ્રક્રિયામાં વાંકુ પડતા જીદે ચઢેલા નેતાના ઈશારે કાવેરી સુગરને સહાય મળી ન હતી**

**સુગરના ૩૬ વર્ષના લાંબા ગાળામાં મોટાભાગના ચેરમેન ભાજપના છતાં સરકાર હજ્જારો ખેડૂતોની જીવાદોરી શરૂ કરાવવામાં નિષ્ફળ**

ઘેજ : ચીખલીની કાવેરી સુગરની જમીનની હરાજી બાદ ખાનગી કંપનીને જમીનનો કબ્જો સોંપવાની બાબતે સમગ્ર આદિવાસી વિસ્તારમાં ઘેરા પ્રત્યાઘાત પડતા ખેડૂતો દ્વારા કાવેરી સુગર બચાવો સંઘર્ષ સમિતિના નેજા હેઠળ લડત ચલાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. બીજી તરફ કાવેરી સુગર શરૂ કરાવવામાં ધરાર નિષ્ફળ ભાજપ સરકાર સામે પણ ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ કાવેરી સુગરની સ્થાપના ૧૯૮૯ ના વર્ષમાં થઈ હતી. જેમાં વર્તમાન સ્થિતિમાં ચીખલી, ખેરગામ, વાંસદા, ધરમપુર તથા ડાંગ જિલ્લાના ૨૫,૫૦૦ સભાસદો છે. જે પૈકી ૧૯,૦૦૦ ની આસપાસ આદિજાતિ ખેડૂત સભાસદો છે. કાવેરી સુગરની સ્થાપનાથી હાલ ૩૬ વર્ષના લાંબા ગાળામાં પાંચ ચેરમેનો બદલાય ચુક્યા છે. આ પૈકી મોટેભાગના ભાજપના જ આગેવાનો ચેરમેનપદે રહેવા સાથે સમગ્ર બોર્ડ ભાજપનું જ રહ્યું છે. બીજી તરફ આ ૩૬ વર્ષના સમયગાળામાં રાજ્યમાં મહત્તમ ભાજપ સરકારનું જ શાસન રહ્યું છે. તેમ છતાં ભાજપ સરકાર હજ્જારો ખેડૂતોની જીવાદોરી સમાન કાવેરી સુગર શરૂ કરાવવામાં નિષ્ફળ રહી છે.

૨૦૧૬ ના વર્ષમાં આનંદીબેન મુખ્યમંત્રી હતા તે દરમ્યાન ખેડૂતોની શેરફાળાની પૂરતી રકમ જમા કરાવ્યા વિના સરકારના શેરફાળાની રકમ આપવા માટે લીલીઝંડી મળતા ૨૦૧૬ ના વર્ષમાં જ મુખ્યમંત્રી આનંદી પટેલના હસ્તે સાદડવેલ સ્થિત જમીનમાં સુગરનું ખાતમુહૂર્ત કરાયું હતું. અને એનસીડીસીની લોનની રકમથી કામ શરૂ કરી દેવાતા ૮૦ ટકા જેટલું બાંધકામ પૂરું થઈ ગયું હતું. આ દરમ્યાન કાવેરી સુગરની કમનસીબી ગણવી કે બીજી પરંતુ રાજ્યમાં મુખ્યમંત્રી બદલાતા સરકારની શેરફાળાની રકમ એક સાથે આપવાની વાતનો છેદ ઉડી ગયો હતો. અને આજની સ્થિતિએ પણ સરકારની મહત્તમ શેરફાળાની રકમ કાવેરી સુગરને મળી નથી. ૨૦૨૨ માં ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલે કેબિનેટ મંત્રી પદે હોય તેમના આદિજાતિ વિભાગમાંથી છ કરોડ રૂપિયાની સહાય મંજુર કરાઈ હતી. તે દરમ્યાન એક નેતાને ટેન્ડર પ્રક્રિયામાં વાંકુ પડતા જીદે ચઢેલા આ નેતાના ઈશારે આ સહાય પણ કાવેરી સુગરને મળી નહીં હોવાનું કહેવાય છે અને બીજી તરફ સુગર પૂરેપૂરી ઉભી થાય તે પૂર્વે એનસીડીસીના હપ્તા શરૂ થઈ ગયા હતા.

### વ્યાજ-પેનલ્ટી સાથે ૫૪ કરોડ રૂપિયાની રકમ ભરવાની નોટિસ આપી

કાવેરી સુગર દ્વારા એનસીડીસીની ૩૯ કરોડ રૂપિયાની લોન સામે વ્યાજ અને મુદ્દલ સાથે ૨૧ કરોડ રૂપિયા પરત પણ ચૂકવી દેવાયા હતા. અને ૨૯ કરોડ રૂપિયાની મુદ્દલ રકમ સામે વ્યાજ-પેનલ્ટી સાથે ૫૪ કરોડ રૂપિયાની રકમ ભરવાની એનસીડીસી દ્વારા નોટિસ આપી હતી. કાવેરી સુગરને ધિરાણ આપનાર એનસીડીસી સંસ્થા કે જે ભારત સરકારના સહકાર મંત્રાલયના તાબામાં આવતી હોવા છતાં સરકાર દ્વારા કાવેરી સુગરને મદદ કરાઇ નથી. બીજી તરફ જમીન હરાજી થતા હાલે તેનો કબ્જો આપવાની કવાયત હાથ ધરાતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે. અને સાદડવેલ ઉપરાંત આસપાસના ૧૯ ગામોના ખેડૂતો દ્વારા બેઠક યોજી કાવેરી સુગર બચાવો સંઘર્ષ સમિતિના નેજા હેઠળ લડત ચલાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

### હરાજીની પ્રક્રિયામાં પણ ગેરરીતિ થઈ હોવાની શંકા

સાદડવેલ ગામના અગ્રણી પંકજભાઇના જણાવ્યાનુસાર અમારા વિસ્તારના ખેડૂતોની બેઠક બાદ આગામી દિવસોમાં કાવેરી સુગર બચાવવા વિશાળ સંમેલન યોજવાની તૈયારી કરી રહ્યા છે. અને હજ્જારો આદિવાસી ખેડૂતો લડી લેવાના મૂડમાં છે. મહેસુલ વિભાગના પરિપત્રની જોગવાઈ મુજબ આદિવાસી વિસ્તારમાં જમીન વેચવા-ખરીદવા માટે ગ્રામસભાની મંજૂરી લેવાની હોય છે. તે પણ લેવાઈ નથી. બીજી તરફ હરાજીની પ્રક્રિયામાં પણ ગેરરીતિ થઈ હોવાનું લાગી રહ્યું છે. ત્યારે અમે તેને પણ ખુલ્લું પાડી આ જમીન કોઈપણ કંપનીને આપવા દઇશું નહીં.




### ઉધોગોના કરોડોના દેવા માફ થાય છે પણ સુગરની મામુલી રકમમાં સરકાર દ્વારા મદદ કરાઇ નથી

રૂઢી ગ્રામસભાના અધ્યક્ષ રમેશ ખાંભડાના જણાવ્યાનુસાર સરકાર ઉદ્યોગોના કરોડો રૂપિયાના દેવા માફ કરતી હોય છે. ત્યારે કાવેરી સુગરની મામુલી રકમમાં સરકાર દ્વારા મદદ કરાઇ નથી તે ખૂબ શરમજનક છે. સરકાર દ્વારા અમારા હજ્જારો આદિવાસી ખેડૂતોને અન્યાય કરવામાં આવ્યો છે. તે અમે કોઇપણ સંજોગોમાં ચલાવી લઈશું નહીં અને કાવેરી સુગર ચાલુ થાય એ માટે અમો આયોજન બધ્ધ લડત ચલાવી ખેડૂતોને ન્યાય અપાવીશું.

# દા.ન.હ.માં પંચાયત અને મ્યુનિ.કાઉ.ની આજે ચૂંટણી

**ભાજપે પહેલેથી જ બહુમતી મેળવતાં ચૂંટણી નિરસ બની**

**જિ.પં.ની 10 તેમજ 20 ગ્રા.પં.ની તથા સેલવાસ મ્યુન્સિપલ કોર્પોરેશનની 1 બેઠક માટે આજે મતદાન**

વાપી : કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલીની જિલ્લા પંચાયતની 10 બેઠક તેમજ સેલવાસ મ્યુન્સિપલ કોર્પોરેશનની 1 બેઠક અને 20 જેટલી ગ્રામ પંચાયતના સરપંચની બેઠક માટે આજે બુધવારે મતદાન થશે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી માટે મતદાન મથકોએ પુરી તૈયારી કરી લીધી છે.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતની 10 બેઠકો, સેલવાસ મ્યુન્સિપલ કોર્પોરેશનની 1 બેઠક તેમજ 20 જેટલી ગ્રામ પંચાયતના સરપંચની બેઠક માટે આજે 5 નવેમ્બરે મતદાન યોજાશે. આમ તો ભાજપે સેલવાસ મ્યુન્સિપલ કોર્પોરેશનની 14 બેઠક પહેલા જ બિનહરીફ મેળવીને બહુમતી મેળવી લીધી છે. આ જ રીતે દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતની 16 બેઠક ભાજપએ બિનહરીફ મેળવીને બહુમતી હાંસલ કરી લીધી છે. આમ હવે થનારી ચૂંટણી નિરસ થઈ ગઈ છે. માત્ર સરપંચની ચૂંટણીમાં રસાકસી જોવા મળશે.

# વેકેશનના અંતિમ દિવસોમાં સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો

**કુદરતી સૌંદર્ય અને તહેવારના ઉત્સાહનો સંગમ થતાં સાપુતારાનું વાતાવરણ ઉત્સવ જેવું બની ગયું**

**ડાંગના માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળતા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો**


ગિરીશ ભોયે

સાપુતારા : ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં દિવાળી વેકેશનના આખરી દિવસોમાં પણ પ્રવાસીઓનો અવિરત પ્રવાહ યથાવત્ જોવા મળ્યો હતો. રજાઓનો માહોલ પૂરો થવાના આરે હોવા છતા, ડાંગના આ સુંદર સ્થળની મુલાકાત લેવા માટે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. દિવાળીના તહેવારોની સાથે શરૂ થયેલું લાંબુ વેકેશન હવે પૂર્ણ થવા જઈ રહ્યું છે, અને આ વેકેશન ફેસ્ટિવલનો છેલ્લો દિવસ હોવાથી સહેલાણીઓ તેમની છેલ્લી પળોને યાદગાર બનાવવા માટે સાપુતારા પહોંચ્યા હતા. ટેબલ પોઈન્ટ, સનરાઈઝ પોઈન્ટ અને બોટિંગ લેક જેવી જગ્યાઓ પર સવારથી જ પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. હોટેલો અને ગેસ્ટ હાઉસિસ લગભગ ફૂલ થઈ ગયા હતા. સવારથી જ સાપુતારાનું વાતાવરણ વાદળછાયું રહ્યું હતુ. જેના કારણે ગિરિમથકની ઠંડક અને લીલોતરી વધુ ખુશનુમા લાગતી હતી. આ આહલાદક માહોલને માણવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઘણા લોકોએ પેરાગ્લાઈડિંગ, ઊંટ સવારી અને ઘોડેસવારી જેવી એડવેન્ચર એક્ટિવિટીઝનો પણ ભરપૂર આનંદ લીધો હતો. સાપુતારામાં દિવાળી ફેસ્ટિવલ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે રજાઓ પૂરી થવાના આરે હોવા છતાં, એટલે કે ચાલુ દિવસે પણ પ્રવાસીઓનો ધસારો યથાવત્ જોવા મળ્યો હતો. કુદરતી સૌંદર્ય અને તહેવારનો ઉત્સાહ બંનેનો સંગમ થતાં સાપુતારાનું આખુ વાતાવરણ જાણે એક ઉત્સવ જેવું બની ગયું હતું. સ્થાનિક વેપારીઓ માટે પણ આ સમય સારો રહ્યો હતો, કારણકે પ્રવાસીઓના વધારાથી તેમના વ્યવસાયમાં તેજી આવી હતી. સમગ્ર ડાંગ જિલ્લાના માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી, જેના કારણે પોલીસ દ્વારા પણ વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પ્રવાસીઓએ વેકેશનની અંતિમ ક્ષણોને પ્રકૃતિના ખોળે શાંતિ અને આનંદ સાથે માણીને યાદગાર સંભારણું સાથે લીધું હતુ.

## સંક્ષિપ્ત સમાચાર

### રાનકુવાથી પિકઅપમાં લઇ જવાતો રૂપિયા ૨.૬૨ લાખના વિદેશી દારૂ સાથે એકની ધરપકડ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી પોલીસે રાનકુવા ગામેથી પિકઅપમાં લઇ જવાતો રૂપિયા ૨.૬૨ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે એક ખેપીયાની ધરપકડ કરી પિકઅપ, મોબાઇલ મળી કુલ રૂપિયા ૭.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગુનામાં સંડોવાયેલા અન્ય બેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી પોલીસના પીએસઆઇ-એફ.એચ.પટેલ, હે.કો-મહેન્દ્રભાઇ નેભાભાઇ, વિજયભાઇ દેવાયતભાઇ, યુવરાજસિંહ જુવાનસિંહ, પો.કો-ગણપત ઇશ્વરભાઇ, જયપાલસિંહ બળવંત, અલ્પેશ ધરમશી, કલ્પેશ સાતાભાઇ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે ચીખલીના રાનકુવા સર્કલ પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમી મુજબની મહિન્દ્રા પિકઅપ ટેમ્પો નં. જીજે-૦૫-બીવી-૮૨૧૨ આવતા જેને ઉભી રાખી હતી. બાદમાં ટેમ્પાની તલાસી લેતા અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂ તથા ટીન-બિયર, વોડકાની નાની મોટી બોટલ નંગ-૧૨૯૬ કિંમત રૂપિયા ૨,૬૨,૦૮૦, ટેમ્પાની કિંમત રૂપિયા ૫ લાખ, એક મોબાઇલ મળી કુલ રૂપિયા ૭,૭૨,૦૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઉપેન્દ્રપ્રસાદ છઠ્ઠુ ભગત (હાલ રહે. ૧૦૫, શિવકૃપા સોસાયટી લિંબાયત સુરત)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર રાજુભાઇ તેમજ ભરાવી આપનાર રાજુભાઇના માણસને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

### ડાંગમાં સંસ્કાર અને પર્યાવરણ મૂલ્યનું સિંચન


ગિરીશ ભોયે

સાપુતારા : 'કુમળો છોડ વાળો તેમ વળે'ની ઉક્તિને સાર્થક કરતા ડાંગ જિલ્લાનાં નાંદનપેડા બહાઈ સમુદાય દ્વારા ગામના બાળકો અને કિશોરોમાં નૈતિક અને આધ્યાત્મિક કેળવણી સાથે પર્યાવરણ જાગૃતિનું સિંચન કરવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં આ નિયમિત બાળ વર્ગોના પ્રયાસરૂપે યોજાયેલા કાર્યક્રમમાં, બાળકોમાં નાનપણથી જ પર્યાવરણ જાળવણી અને સુરક્ષા પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી એક ઉમદા પહેલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળ વર્ગોના ૫૩ બાળકો સહિત ગામના કુલ લગભગ ૮૦ બાળકોને ફળ-ફૂલના વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ દરમિયાન, સુમિત્રાબેન આહિરેએ વાલીઓને 'અભિમન્યુ'ની વાર્તા અને અન્ય ઉદાહરણો દ્વારા બાળ કેળવણી અને સંસ્કાર સિંચનનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો અને આગેવાનોની સાથે એશિયા ભૂખંડીય સલાહકાર મંડળના સભ્ય પરિમલ મહાતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નાંદનપેડા સ્થાનિક આધ્યાત્મિક સભા વતી રાજેશભાઈ આહિરેએ કર્યું હતું, જેઓ સ્વયં ૧૫ બાળકોના નિયમિત બાળ વર્ગના શિક્ષક તરીકે નિ:સ્વાર્થ સેવા આપી રહ્યા છે.

### વાપીમાં ટ્રેનની અડફેટે આવી જતા યુવાનનું મોત

વાપી : વાપી નજીકના નામધા હેલ્થકેર લિમીટેડ કંપની સામે ગત તા.૩૦-૧૦-૨૫ના રોજ સવારે ૯:૩૩ વાગ્યાના સુમારે આશરે ૨૦ થી ૨૫ વર્ષીય અજાણ્યા પુરૂષનું ટ્રેનની અડફેટે આવી જતા સમગ્ર શરીરે, માથાના અને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ થયું હતું. મૃતક પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૬ ઈંચ ઊંચાઈ ધરાવતો હતો. તપાસ કરતા તેમનાં કોઈ વાલી-વારસો મળી આવ્યા ન હતા. જો કોઈને મૃતકના વાલી વારસોની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

# વેપારીએ સસ્તું અંજીર લેવાની લાલચમાં 5.53 લાખ ગુમાવ્યા

**નવસારીના વેપારીએ પહેલી વખત સસ્તા અંજીર મળતાં બીજા મંગાવતા અંજીરને બદલે ખજુર મોકલ્યા**

નવસારી : છાપરા રોડના વેપારીએ સોશિયલ મીડિયા પર સસ્તા ભાવે અંજીર ખરીદવાની લાલચમાં 5.53 લાખ રૂપિયા ગુમાવવાની નોબત આવી હતી.

શૈલેષ પાર્ક સોસાયટીમાં રહેતા વેપારી શૈલેષ ગાંધીએ અગાઉ whatsapp પ્લેટફોર્મ ઉપર અન્નુસિંઘ નામના અજાણ્યા દ્વારા સસ્તી કિંમતે અંજીર વેચાણની જાહેરાત વાંચીને લાલચમાં આવી વેપારીએ 240 કિલોગ્રામ અંજીર ખરીદવા માટે બેંક એકાઉન્ટમાં 2.74 લાખ રૂપિયાની ચુકવણી કરી સોદા પેટે રૂપિયા 71 હજારના અંજીર મોકલાવ્યા હતા. આ અંગે વિશ્વાસ બેસતા વેપારી શૈલેષભાઈએ ફરીથી 110 કિલો કાજુના રૂપિયા 3.50 લાખનો સોદો આપેલી એપ ઉપર કર્યો હતો અને 3.50 લાખ જમા કરાવ્યા હતા. પરંતુ વેપારી શૈલેષ કુમારે આ અંગે અવારનવાર ફોન દ્વારા whatsapp કોલ ઉપર ફોન કરી માલ મોકલવા માટેની વાત કરતા, અન્નુસિંઘ તેમજ તેની સાથે રહેલી અજાણી મહિલા દ્વારા બારડોલી નવસારી ગ્રીડ ખાતે આવેલા વી આર એલ ટ્રાન્સપોર્ટમાં માલ રવાના કર્યાની ખાતરી આપી તે અંગેના પુરાવા પણ બતાવ્યા હતા.

### વેપારીને નગ્ન અને બિભત્સ વિડીયો કોલ કરી હનીટ્રેપમાં ફસાવવાની ધમકી

એ માલમાં અંજીરને બદલે ખજૂર નીકળતા વેપારી શૈલેષ કુમારે આ અંગે અવારનવાર ફોન કરતા અજાણ્યા અને મહિલા દ્વારા બહાના બતાવી સમય પસાર કરી whatsapp કોલથી અલગ અલગ સ્ત્રીઓ પાસે ફોન કરાવી વેપારીને નગ્ન અને બિભીત્સ વિડીયો કોલ કરી હનીટ્રેપમાં ફસાવવાની ધમકી આપતા છેતરાયેલા વેપારીએ આ અંગે નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદાકીય કાર્યવાહી કરી હતી. આ અંગેની વધુ તપાસ ટાઉન પી આઈ એ.એસ સરવૈયાએ હાથ ધરી હતી.

# યુવતીઓના બિભત્સ ફોટા અપલોડ કરનાર ઝડપાયો



**ધોલાઈના દેવ ટંડેલે એઆઈથી એડિટ કરી ગામની જ યુવતીઓના બિભત્સ ફોટા અપલોડ કરી બદનામ કરી હતી**

નવસારી : આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા એડિટ કરી યુવતીઓના બિભત્સ ફોટા ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરનારાને નવસારી સાયબર પોલીસે ઝડપી લીધો હતો.

બીલીમોરા નજીકના ધોલાઈ ખાતે રહેતી એક યુવતીએ તેના તથા તેની બહેનપણીઓના ફોટા એઆઈનો ઉપયોગથી એડિટ કરી બિભત્સ ફોટા ઈન્સ્ટાગ્રામ પર કોઈકે અપલોડ કરી બદનામ કરતા હોવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદને પગલે નવસારી સાયબર ક્રાઈમ પોલીસના પીઆઈ યુ.એલ.મોદીના માર્ગદર્શન હેઠળ વાયરલેસ પીએસઆઈ એમ.એમ. શેખ અને સાયબર ક્રાઈમ સ્ટાફે ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સ દ્વારા આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરતાં ધોલાઈના જ ગોત્રેજ ફળિયામાં રહેતા 20 વર્ષના દેવ જયેશભાઈ ટંડેલને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સુધારો

તા. ૪-૧૧-૨૫ નારોજ ગુજરાતમિત્રના નવસારી જિલ્લા પાને એડ. જયેશ કાપડીયાની જાહેર નોટીસમાં શરતચૂકથી તા. ૩-૧૦-૨૦૨૫ છપાયેલ છે, જેને તા. ૩-૧૧-૨૦૨૫ તરીકે વંચાણે લેવી.





સૌ વેપારી ભાઈ-બહેનો સહિત તમામ વલસાડ જિલ્લાવાસીઓને દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા..

વલસાડ તાલુકા હોલસેલ વેપારી મહામંડળ, વલસાડ

પ્રમુખ - સમીરકુમાર જમનાદાસ મપારા
ઉપપ્રમુખ - શીવલાલ એચ. મેવાડા
માનદ્ મંત્રી - પ્રદિપકુમાર ડાલચંદ કોઠારી
સહ માનદ્ મંત્રી - દિનેશચંદ્ર લક્ષ્મીદાસ ભાનુશાલી
ખજાનચી - નરેન્દ્રકુમાર સુવાલાલ શાહ

કારોબારી કમિટીના સભ્યોશ્રી

ધરમચંદ પ્રતાપચંદ શાહ | અનિલભાઈ હરિભાઈ ઓઝા
પ્રદિપભાઈ કન્હૈયાલાલ પટેલ | બાબુભાઈ કેસરીભાઈ પ્રજાપતિ
શરદભાઈ કિશોરચંદ શાહ | કલ્પેશભાઈ હીરાલાલ રાણા

તથા તમામ વેપારીઓ